# ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ (સાંજ),અમદાવાદ

## રાષ્ટ્રીય સેવા યોજના (NSS)

## વાર્ષિક અહેવાલ (નિયમિત પ્રવૃત્તિ)

## વર્ષ ૨૦૨૧-૨૨

પ્રોગ્રામ ઓફીસર સમયગાળો
ડૉ. બ્રિજેશ કે. રાઠોડ (૦૧/૦૪/૨૧ થી ૨૮/૦૧/૨૦૨૨)
પ્રા. સંદિપ એચ. સાંચલા (૨૯/૦૧/૨૨ થી ૩૧/૦૩/૨૨)

અહેવાલ પ્રસ્તુતકર્તા
પ્રા. સંદિપ એચ. સાંચલા
પ્રોગ્રામ ઓફિસર, રાષ્ટ્રીય સેવા યોજના (NSS)

આચાર્યશ્રી
ડૉ. હિમ્મત ભાલોડીયા
ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ(સાંજ),અમદાવાદ

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન થયેલ નિયમિત પ્રવૃતિઓ

| ક્રમ | પ્રવૃતિનું નામ | તારીખ | પ્રવૃતિ સ્થળ | ભાગ લેનાર સ્વયંસેવકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ક્લાઈમેટ ચેન્જ પ્રોગ્રામ | ૨૧/૦૨/૨૦૨૨ | સાયન્સ સીટી,અમદાવાદ | ૫૦ |
| ૨ | પલ્સ પોલીયો રસીકરણ સેવા | ૨૭/૦૨/૨૦૨૨ | અમદાવાદના વિવિધ રસીકરણ બુથ | ૧૦ |
| ૩ | એક દિવસીય શિબિર | ૦૩/૦૩/૨૦૨૨ | ગામ: કાણીયેલ જિ:અમદાવાદ | ૩૦ |
| ૪ | વડાપ્રધાન અભિવાદન કાર્યક્રમ | ૧૧/૦૩/૨૦૨૨ | કોબા સર્કલ, ગાંધીનગર | ૮૦ |
| ૫ | વિરાંજલી કાર્યક્રમ | ૨૩/૦૩/૨૦૨૨ | કર્ણાવતી ક્લબ,અમદાવાદ | ૧૦ |
| ૬ | ઈન્ટર કૉલેજ કેમ્પ (NSS, ગુજરાત યુનિવર્સીટી આયોજિત) | ૨૮/૦૩/૨૦૨૨ થી ૦૩/૦૪/૨૦૨૨ | ગામ : ચડોડતર જિ: પલાનપુર | ૧૦ |
| ૭ | કોવીડ-૧૯ રસીકરણ સેવા | સમગ્ર વર્ષ દરમિયાન | અમદાવદના વિવિધ રસીકરણ બુથ | ૧૫ |
| ૮ | વ્યસન મુક્તિ સેમીનાર | ૨૩/૦૯/૨૦૨૧ | કૉલેજ ખાતે | |
| ૯ | શહિદ વીર કિન્નરીવાલા પુષ્પાંજલિ કાર્યક્રમ | ૧૦/૦૮/૨૦૨૧ | કૉલેજ ખાતે | **25** |
| ૧૦ | જ્ઞાન શક્તિ દિવસ ઉજવણી | ૦૧/૦૮/૨૦૨૧ | કૉલેજ ખાતે | |
| ૧૧ | સ્વતંત્રતા દિવસ ઉજવણી | ૧૫/૦૮/૨૦૨૨ | કૉલેજ ખાતે | |
| ૧૨ | સ્વચ્છતા અભિયાન | ૦૧/૧૦/૨૦૨૧ | કૉલેજ ખાતે | **30** |
| ૧૩ | પ્રોગ્રામ ઓફિસર વન ડે વર્કશોપ | ૨૭/૦૮/૨૦૨૧ | સુઘડ, ગાંધીનગર | |
| ૧૪ | એન.એસ.એસ. દિવસ ઉજવણી | ૨૪/૦૯/૨૦૨૧ | કૉલેજ ખાતે | **15** |
| ૧૫ | ઓરીએન્ટેશન પ્રોગ્રામ | ૧૧/૦૧/૨૦૨૨ | ઓનલાઈન | ૧૦૦ |
| ૧૬ | પ્રાકૃતિક દર્શન | | ઈન્દ્રોડા પાર્ક,ગાંધીનગર | **30** |

## પલ્સ પોલીયો રસીકરણ સેવા

**તા.૨૭/૦૨/૨૦૨૨ના રોજ યોજાયેલ પલ્સ પોલીયો રસીકરણ ઝુંબેશમાં એન.એસ.એસ. ૧૦ વિદ્યાર્થીઓએ પોતાની સેવા આપી હતી. AMC દ્વારા અમદાવાદના જુદા જુદા બુથો પર આયોજિત પલ્સ પોલીયો રસીકરણ બુથ પર જઈ સ્વયંસેવકોએ પોતાના કાર્ય દ્વારા સમાજસેવાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.**



## એક દિવસીય શિબિર

એન.એસ.એસ. અને સામુદાયિક સેવાધારણા સયુંકત ઉપક્રમે તા. ૦૩/૦૩/૨૦૨૨ના રોજ અમદાવાદ જિલ્લાના દશક્રોઈ તાલુકાના કાણીયેલ ગામ ખાતે એક દિવસીય "શ્રમ-સફાઈ-સેવાયજ્ઞ" શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું આ શિબિરમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓ અને ૦૪ અધ્યાપકો જોડાયા હતા. કાણીયેલ ગામ ખાતે સૌપ્રથમ શિબિરની શરૂઆતમાં ગામના સરપંચશ્રી ઉમેદજી ઝાલા અને તલાટીશ્રીએ તમામને આવકાર્યા હતા. પ્રા. સંદિપ સાંચલા અને પ્રા. ઓમપ્રકાશ શુક્લએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. ભાગ લેનાર શિબિરાર્થીઓની ૬ જેટલી અલગ અલગ ટુકડીઓમાં વિભાજન કરીને ગ્રામ સફાઈ કરવામાં આવી હતી. જેમાં ગામના મુખ્ય રસ્તાઓ,મંદિર, સહકારી ડેરી અને શાળા તેમજ ગ્રામ પંચાયત વગેરેની શિબિરાર્થીઓએ ખંતપૂર્વક સફાઈ કરી હતી. આ ઉપરાંત ઈ-શ્રમ કાર્ડ કેમ્પમાં જરૂરિયાતમંદ લોકોના ઈ-શ્રમકાર્ડ નીકળવાની કામગીરી કરવામાં આવી હતી. ભોજન વિરામ બાદ ગામમાં સ્વચ્છતાને લગતા સૂત્ર લખવામાં આવ્યા હતા. આ ઉપરાંત શિબિરાર્થી બહેનો દ્વારા પ્રાથમિક શાળાના બાળકોને વિવિધ રમતો રમાડી એમની સાથે મીઠી ગોષ્ઠી કરીને બાળકોના આનંદમાં વધારો કર્યો હતો. ત્યારબાદ નજીકમાં કુહા-કોઠીયા ખાતે આવેલા જીવનસંધ્યા વૃધ્ધાશ્રમની મુલકાત લેવામાં આવી હતી. આ મુલાકાતમાં વૃધાશ્રમમાં રહેતા ૪૫ જેટલા વૃધ્ધોને જરૂરી વસ્તુઓનું વિતરણ કરી વૃધ્ધોના આનંદમાં વધારો કર્યો તેમજ ઘણા-ખરા વૃધ્ધો સાથે વિદ્યાર્થીઓએ આત્મીયતા કેળવી હતી. તેમની સાથેની વાતચીતથી વિદ્યાર્થીઓ અને વૃદ્ધો બંને ભાવુક પણ બન્યા હતા. ખરા અર્થમાં શિબિરનો ઉદ્દેશ્ય સિદ્ધ થયો હોય એવું દ્રશ્ય સર્જાયું હતું.

આ એક દિવસીય શિબિરમાં વિદ્યાર્થીઓને કોરોનાના કપરા કાળમાં લાંબા વિરામ બાદ સાથે રહેવાનો અવસર મળ્યો જેના થકી તેમનામાં, પરસ્પર વિશ્વાસ, આત્મીયતા અને સમૂહકાર્યની ભાવના દઢ થતી જોવા મળી. આચાર્યશ્રી ડો. હિમ્મત ભાલોડીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ શિબિરમાં પ્રા.સંદિપ સાંચલાએ સમગ્ર શિબિરનું

સંકલન અને આયોજન કર્યું હતું. આ ઉપરાંત ડો. ઓમપ્રકાશ શુક્લ, પ્રા, નમ્રતાબેન અને પ્રા. સેજલબેનએ સમગ્ર શિબિર દરમિયાન સાથે રહી મદદરૂપ બન્યા હતા. તેમજ ડો. આનંદ આચાર્ય, ડો.શૈલેન્દ્રસિંહ વાઘેલા અને ડો.ભાવિન પરમારએ શિબિરની મુલાકાત લઈ વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.




કલાઈમેટ ચેન્જ પ્રોગ્રામ

**તા. ૨૧/૦૨/૨૦૨૨ સાયન્સ સીટી, અમદાવાદ ખાતે પર્યાવરણ જાગૃતિ સંદર્ભમાં યોજાયેલ કલાઈમેટ ચેન્જ પ્રોગ્રામમાં કોલેજના જ્ઞાનધારા અને એન.એસ.એસ. અંતર્ગત વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમાં એન.એસ.એસ.ના ૫૦ જેટલા સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. આ પ્રોગ્રામમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી એન શિક્ષણમંત્રી ઉપસ્થિત રહ્યા હતા તેમજ પર્યાવરણ જાગૃતિ સંદર્ભમાં યોજાયેલ કલાઈમેટ ચેન્જ બાબતમાં ગુજરાતની ભૂમિકા અંગે પોતાના વકતવ્યમાં જાણકારી આપી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીમાં યોજાયેલ પ્રદર્શન નિહાળ્યું હતું. આ પ્રોગ્રામ દ્વારા વિદ્યાર્થીઓન સમાજમાં પર્યાવરણ બચાવવાના ઉદેશ્યથી હાંસલ થાય એ બાબત કેન્દ્રસ્થાને હતી.**









વિરાંજલી કાર્યક્રમ

તા.૨૩/૦૩/૨૦૨૨ના રોજ એન.એસ.એસ. સેલ ગુજરાત યુનિવર્સીટીની સુચના અનુસાર કર્ણાવતી ક્લબ, અમદવાદ ખાતે યોજાયેલ વીરાંજલી કાર્યક્રમમાં કુલ ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.. શહીદોને યાદ કરીને તેને શ્રધાંજલિ સ્વરૂપના આ કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા લોક કલાકાર શ્રી સાંઇરામ દવેએ દર્શકો અને શ્રોતાઓમાં રાષ્ટ્રભાવના જગાડી હતી.




ઈન્ટર કૉલેજ કેમ્પ

(NSS, ગુજરાત યુનિવર્સીટી આયોજિત)


એન.એસ.એસ. સેલ ગુજરાત યુનિવર્સીટી દ્વારા બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના ચડોતર ગામ ખાતે તા.૨૮/૦૩/૨૦૨૨ થી ૦૩/૦૪/૨૦૨૨ આયોજિત ઈન્ટર કૉલેજ વર્ક કેમ્પમાં એન.એસ.એસ. ૧૦ સ્વયંસેવકૉએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં વિદ્યાર્થીઓ શ્રમકાર્ય, સાંસ્કૃતિક કાર્યક્રમ, સમુહ્ભાવના, સામજિક જાગૃતિ સંદેશ વગેરે સંદર્ભમાં યોજાયેલ વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લઈ મેડલ અને પ્રમાણપત્ર મેળવેલ તેમજ કોલેજની વિદ્યાર્થીની શર્મા અંશુએ સમગ્ર કેમ્પમાં બેસ્ટ ગર્લ્સ વોલેન્ટીયર તરીકે પસંદગી થઇ હતી જે બદલ એમને ટ્રોફી એનાયત કરવામાં આવેલ. તમામ વિદ્યાર્થીઓએ ઈન્ટર કૉલેજ વર્ક કેમ્પમાં કોલેજનું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. હિમ્મત ભાલોડીયા, પ્રોગ્રામ ઓફિસર સંદિપ સાંચલા અને સમગ્ર સ્ટાફએ અભિનંદન પાઠવ્યા હતા.




કોવીડ-૧૯ રસીકરણ સેવા

હાલમાં સમગ્ર વિશ્વ જે મહામારીમાંથી પસાર થઇ રહ્યું છે એ મહામારીમાં માનવ જીવનને રક્ષણ પૂરું પાડનારી કોવીડ-૧૯ રસીકરણ અભિયાનમાં અત્રેની કોલેજના ૧૫ જેટલા સ્વયંસેવકોએ છેલ્લા એક વર્ષથી AMCના જુદા જુદા બુથ અંતર્ગત સમગ્ર અમદવાદમાં અલગ અલગ સ્થળોએ કોવીડ-૧૯ રસીકરણ અભિયાનમાં પોતાની સેવા

આપીને સમાજ અને રાષ્ટ્રસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ વિદ્યાર્થીઓને પોતાની સેવા બદલ રોજના રૂ.૫૦૦ માનદ વેતન તરીકે મળેલ છે. એન.એસ.એસ. સમાજસેવા સાથે સાથે વિદ્યાર્થીઓને આર્થિક રીતે પણ ઉપયોગી બને છે. વિદ્યાર્થીઓની આ સેવાને એન.એસ.એસ. અને સમગ્ર કોલેજ બિરદાવે છે.





| | | | |
|---|---|---|---|
| શહિદ વીર કિન્નરીવાલા પુષ્પાંજલિ કાર્યક્રમ | ૧૦/૦૮/૨૦૨૧ | કૉલેજ ખાતે | 25 |




| | | | |
|---|---|---|---|
| પ્રાકૃતિક દર્શન | | ઈન્દ્રોડા પાર્ક,ગાંધીનગર | 30 |





| | | | |
|---|---|---|---|
| સંવિધાન દિવસ ઉજવણી | 26/11/2022 | | 15 |



| સ્વચ્છતા અભિયાન | ૦૧/૧૦/૨૦૨૧ | | 30 |
|---|---|---|---|

